# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨/ક્વા-૦૪/૨૦૨૧-૨૨/ ૧૧૬૮-૩ તારીખ : ૧૫ - ૦૨ - ૨૦૨૨

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
મંજુબેન રમેશભાઈ સોંદરવા
C/o, ભરતભાઈ ગોવિંદભાઈ રોશિયા, સહજાનંદ સોસાયટી, ઈંટોના ભઠ્ઠાની પાસે ,
મું. પો. : પારડી , તા. : લોધિકા , જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૨૪
મોબાઈલ : ૯૬૬૪૬૪૭૫૮૩, ૮૧૪૦૬૦૩૭૧૫

વિષય : વધુ યુનિટના વીજબીલ બાબત .

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૧૮-૦૧-૨૦૨૨.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૨/ક્વા-૦૪/૨૦૨૧-૨૨ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ ગ્રામ્ય.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, પારડી.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

E-Mail- forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૦૨/ક્વા-૪/૨૧-૨૨/૧૧૬૮૩ તા. ૧૫.૦૨.૨૦૨૨

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**Case No.PG-૦૨/ક્વા-૪/૨૧-૨૨**

અરજદાર : મંજુબેન રમેશભાઈ સોંદરવા ગામ: પારડી

પેટાવિભાગીય કચેરી : પારડી

રજૂઆત કરનાર : અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે રમેશભાઈ હાજાભાઇ સોંદરવા, ચાવડા હસમુખભાઈ નથુભાઇ, રોશિયા ભરતભાઈ ગોવિંદભાઈ અને રમેશ ધનજી સોંદરવા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. ગ્રામ્ય વિભાગીય કચેરી - રાજકોટ

રજૂઆત કરનાર : શ્રી જી.એચ.પટેલ કાર્યપાલક ઈજનેર,પી.જી.વી.સી.એલ., ગ્રામ્ય વિભાગીય કચેરી - રાજકોટ

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી.મકવાણા

૨) સભ્ય(ટેકનીકલ) - શ્રી આર.જી.ગોવાણી

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ: ૦૮-૦૨-૨૦૨૨ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૮-૦૨-૨૦૨૨ (મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજૂઆતમાં જણાવે છે કે તેઓ ગ્રાહક નં ૬૧૯૨૧/૬૭૫૯૮/૫ થી પારડી પેટાવિભાગીય કચેરી હેઠળ રહેણાંક વીજજોડાણ ધરાવે છે. અરજદારની રજૂઆત મુજબ જે દિવસે મીટર રીડર દ્વારા બીલ બનાવવા આવેલ ત્યારે અરજદાર મજૂરી કામ અર્થે ગયેલ હોવાથી વીજબીલ સરેરાશ મુજબ બનાવવામાં આવે છે.

જયારે મકાન માલિકની હાજરીમાં મીટરના રીડીંગ લઇને વીજબીલ માહે ઓગસ્ટ-સપ્ટેમ્બર-૧૯ માં રૂ.૧૮૮૦/- અને માહે ઓક્ટોબર-નવેમ્બર-૨૦૨૦ માં રૂ.૨૬૨૩/- નું આપેલ છે જે ખરેખર અરજદાર દ્વારા રજુ કરેલ પત્રકમાં ક્રમશઃ રૂ.૬૭૦-/ અને રૂ.૬૨૦/- દર્શાવેલ છે તે રકમ યોગ્ય છે આમ પી.જી.વી.સી.એલ. દ્વારા અપાયેલ સદર વિવાદીત વીજબીલ વધારે હોય અરજદારે ન્યાય મેળવવા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની રજૂઆત અન્વયેપી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી તા.૦૩-૦૨-૨૦૨૨ ના પત્ર થી નીચેના મુદ્દાઓ અન્વયે અહેવાલ રજુ કરાયેલ છે.

૩.૧ પારડી પેટાવિભાગીય કચેરીનાં ગ્રાહક નં- ૬૧૯૨૧૬૭૫૯૮૫ મંજુબેન રમેશભાઈ સોંદરવા ગામ-પારડી ખાતે રહેણાકનું વીજકનેકશન ધરાવે છે. સદર ગ્રાહકનું વીજ મીટરનં ૪૨૧૬૨૪૦ મીટરરીડર ની ફોલ્ટી હોવા અંગેની નોંધ અન્વયે પી.જી.વી.સી.એલ.ની સંલગ્ન કચેરી દ્વારા તા.૦૭/૦૮/૨૦૨૧ ના રોજ બદલવામાં આવેલ.

૩.૨ ઉપરોક્ત સદર વીજમીટરની ચકાસણી મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં તા.૦૩/૦૯/૨૦૨૧ના રોજ કરવામાં આવેલ જેના લેબ રીપોર્ટ મુજબ મીટર ઓકે બતાવે છે અને મીટરમાં રીડીંગ ૫૪૨૨ **KWH** નોંધાયેલ છે. જે મુજબ ગ્રાહકને પેન્ડિંગ ૩૪૧૮ યુનીટનું રૂ.૨૭૧૨૬.૩૪ બીલ ડેબિટ કરવામાં આવેલ છે. વધુમાં લેબમાં મીટર ચકાસણી કરવામાં આવતા મીટરનો ટર્મિનલ બ્લોક બળેલ હોવાથી **BMC** ચાર્જ રૂ.૮૬૦/- ડેબિટ કરવામાં આવેલ.

૩.૩ ઉપરોકત ગ્રાહક દ્વારા તા.૧૧/૧૧/૨૧ના રોજ R.T.I. થી માહિતી પણ માંગેલ હતી, જે પારડી પેટાવિભાગીય કચેરી દ્વારા પત્ર નં.પીઆરએસડી/૭૦૮૦ તા.૨૯/૧૧/૨૦૨૧ થી ગ્રાહકશ્રી ને આપી દીધેલ છે. હાલ નવા મીટર મુજબ ગ્રાહકના રીડીંગ ૩૨૧ KWH અને વીજભાર ૧૨૫૧ watt જોડાયેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર મંજુબેન રમેશભાઈ સોંદરવા ગામ: પારડી ગ્રાહક નં ૬૧૯૨૧/૬૭૫૯૮/૫ થી ૦૧ કીવોનું આર.જી.પી.આર. ટેરીફનું પારડી પેટાવિભાગીય કચેરી હેઠળ રહેણાંક વીજજોડાણ ધરાવે છે.

૪.૨ અરજદારનું વીજબીલ માહે ઓગસ્ટ-સપ્ટેમ્બર-૧૯માં રૂ.૧૮૮૦/- અને માહે ઓક્ટોબર-નવેમ્બર-૨૦માં રૂ.૨૬૨૩/- નું આપેલ છે જે અરજદારના સરેરાશ વીજ વપરાશ કરતા વધારે હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૩ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અરજદારને માહે એપ્રિલ-મે-૨૧ માં ફોલ્ટી મુજબ વીજબીલ તા.૦૫-૦૬-૨૧ ના રોજ અપાયેલ જે અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર સદર મીટર તા.૦૭-૦૮-૨૦૨૧ ના રોજ ગ્રાહકના પ્રતિનિધિની હાજરીમાં ચેકિંગશીટ- RRC179262 થી બદલાવેલ જેની વિગત નીચે મુજબ છે તેમજ સદર

મીટરની ચકાસણી તા.૧૩-૦૮-૨૦૨૧, તા.૨૦-૦૮-૨૦૨૧ અથવા તા.૨૭-૦૮-૨૦૨૧ ના રોજ મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં હાજર રહેવા જણાવેલ.

| Particular | Old Meter Dt.07.08.21 | New Meter Dt.07.08.21 | Old Meter-As per MTLab Dt.03-09-21 |
|---|---|---|---|
| Make | HPL | HPL | HPL |
| Meter No | 04216240 | 04939257 | 04216240 |
| Capacity | 05- 30A | 05- 30A | 05- 30A |
| C. Reading | 5422 KWh | 00 | 5422 KWh |
| Connected Load- LAMP-4 No., Fan-2 No.,Freeze – 1 No.,& TV- 1 No. | | | |

અરજદાર સદર ચેકિંગ શીટમાં દર્શાવેલ તારીખોમાં હાજર ન રહેતા પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા સવાલવાળા મીટરની એકતરફી ચકાસણી મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં તા.૦૩-૦૯-૨૦૨૧ ના રોજ કરવામાં આવેલ તેના લેબોરેટરી રીપોર્ટ મુજબ મીટરના રીડીંગ ૫૪૨૨ KWH અને મીટરનો ટર્મિનલ બ્લોક બળેલ છે.

૪.૪ અરજદારના વીજગ્રાહક નં - ૬૧૯૨૧/૬૭૫૯૮/૫ ના પી.આર.ટી.૧૪૫ અને સવાલવાળા મીટરનો એમ.આર.આઈ. અહેવાલનો અભ્યાસ કરતા નીચે મુજબ વીજવપરાશ નોંધાયેલ છે.

| CONSUMER-NO:-61921/67598/5 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| AS PER PRT | | | | AS PER MRI | | | |
| Billing Date | Current Reading | Consumption | Meter Status | Billing Date | Current Reading | Consumption | Per Day Consumption |
| 27-09-20 | 790 | 0 | L | 30-09-20 | 1349 | | |
| 01-12-20 | 1504 | 714 | | 30-11-20 | 1503 | 154 | 2.52 |
| 01-02-21 | 1608 | 104 | | 31-01-21 | 1608 | 105 | 1.69 |
| 02-04-21 | 1608 | 150 | L | 02-04-21 | 3482 | 1874 | 30.72 |
| 05-06-21 | 1608 | 300 | F | 05-06-21 | 5231 | 1749 | 27.33 |
| 05-08-21 | 1608 | 150 | L | 05-08-21 | 5418 | 187 | 3.07 |
| 03-10-21 | 122 | 120 | C | | | | |
| 29-11-21 | 245 | 123 | | | | | |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૫ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૪ અને ચેકિંગ શીટ તા.૦૭-૦૮-૨૦૨૧ માં દર્શાવેલ વીજભાર મુજબ કુલ લોડ ૫૨૬ વોટ જોડેલ છે તે મુજબ જો ૨૪ કલાક માટે તમામ સાધનો ચાલુ રાખવામાં આવે તો પ્રતિદિન ૧૨.૬૨ યુનિટ લેખે ૬૦ દિવસનો વીજવપરાશ કુલ ૭૫૭ યુનિટ ગણી શકાય. જયારે એમ.આર.આઈ. ના બિલીંગ ડેટા મુજબ તા.૩૧-૦૧-૨૧ અને વીજબીલ તા.૦૧-૦૨-૨૦૨૧ ના રોજ હાલના રીડીંગ ૧૬૦૮ KWH નોંધાયેલ છે એટલેકે ત્યાં સુધી કોઈ પેન્ડીંગ યુનીટ જણાતા નથી.

ત્યારબાદ એમ.આર.આઈ. અહેવાલ મુજબ તા.૦૧-૦૨-૨૦૨૧ થી તા.૦૨-૦૪-૨૦૨૧ ના કુલ ૬૧ દિવસમાં ૧૮૭૪ યુનિટ અને તા.૦૨-૦૪-૨૧ થી તા.૦૫-૦૬-૨૧ સુધીના કુલ ૬૪ દિવસમાં ૧૭૪૯ યુનિટ વીજવપરાશ નોંધાયેલ છે. વધુમાં સદર મીટરના એમ.આર.આઈ. અહેવાલમાં ટેમ્પર ડેટા નીચે મુજબ નોંધાયેલ છે.

| Type | Available Duration | No. of Occurrence Data available | Total Occurrence |
|---|---|---|---|
| Reverse | Dt:14-07-2021 to Dt:22-07-21 | 20 | 121 |
| Neutral Disturbance | Dt:04-08-2021 to Dt:07-08-21 | 20 | 135 |
| Earth | Dt:06-08-2021 to Dt:07-08-21 | 20 | 94 |
| Neutral Missing | Dt:19-08-2020 to Dt:30-08-2020 & Dt:27-04-21 | 20 | 24 |

૪.૬ ઉપરોક્ત વિગતો મુજબ સવાલવાળા મીટરનો ટર્મિનલ બ્લોક બળેલ છે તેમજ સદર મીટરના લેબોરેટરી રીપોર્ટ મુજબ રીડીંગ ૫૪૨૨ **KWH** અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા ૩૪૧૮ પેન્ડીંગ યુનિટનું રૂ.૨૭૧૨૬.૩૪ બીલ ડેબીટ તા.૨૦-૦૯-૨૦૨૧ ના રોજ કરેલ છે. તેમજ સદર મીટરના એમ.આર.આઈ. અહેવાલ મુજબ તા.૩૧-૦૧-૨૦૨૧ થી તા.૦૫-૦૬-૨૦૨૧ સુધીના કુલ ૩૬૨૩ યુનિટ વીજવપરાશ નોંધાયેલ છે તેમજ એમ.આર.આઈ. અહેવાલના બિલીંગ ડેટા મુજબ એકજ દિવસમાં એટલેકે તા.૧૨-૦૫-૨૦૨૧ થી તા.૧૩-૦૫-૨૦૨૧ સુધીમાં ૮૮ યુનિટ એમ અસાધારણ યુનિટ નોંધાયેલ છે જે અરજદારના જોડાયેલ વીજભારની સાપેક્ષમાં આપવામાં આવેલ યુનિટનું બીલ શક્ય ન હોય કુદરતી ન્યાયના સિદ્ધાંત મુજબ સદર મીટરને ફોલ્ટી મુજબ ગણીને વીજબીલ માહે ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૧, માહે એપ્રિલ-મે-૨૦૨૧ અને માહે જુન-જુલાઈ-૨૦૨૧ ના વીજબીલો રદ કરીને નામદાર GERC ના ધારાધોરણ—એટલેકે નોટીફીકેશન નંબર : ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં. ૬.૫૮ માં કરાયેલ જોગવાઈ મુજબ નવા મીટરમાં નોંધાયેલ સરેરાશ વીજવપરાશના આધારે અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ દિવસ- ૧૦ માં સદર વીજબીલો માહે ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૧, માહે એપ્રિલ-મે-૨૦૨૧ અને માહે જુન-જુલાઈ-૨૦૨૧ ને રીવાઈઝ કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૭ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૬ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૮ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| (એન.એચ.જોષી) | (આર.જી.ગોંવાણી) | (એન.સી.મકવાણા) |
| --- | --- | --- |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાતવિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot